Thursday
26.11.2026
✳Volume :11 ✳ Issue No.145
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં શરૂ થયેલ 'ખેલ મહાકુંભ'થી રાજ્યમાં સ્પોર્ટ્સ કલ્ચર વિકસિત થયું છે
- વડાપ્રધાનશ્રીનું 'ફિટ ઈન્ડિયા' અભિયાન દેશના તમામ નાગરિકોની જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવનારું એક જનઆંદોલન બની ગયું છે
- ગુજરાતમાં અત્યાર સુધીમાં પાંચ ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં તૃતીય ઑલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન કલસ્ટર ૨૦૨૬-૨૭નો સમાપન સમારંભ યોજાયો

મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઓવરઓલ ચેમ્પિયન સીઆરપીએફની ટીમ ઉપરાંત ઉત્તર પ્રદેશ, મણિપુર, મિઝોરમની વિજેતા ટીમોને ટ્રોફી અને વિજેતા ખેલાડીઓને મેડલ એનાયત કરાયા







ગૃહ વિભાગના સચિવ સુશ્રી નિપૂણા તોરવણે અને રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક સહિતના વિવિધ રાજ્યોના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ સહભાગી થયા

૨૪ રાજ્યો, ૪ કેન્દ્રશાસિત પ્રદેશો અને ૧૦ કેન્દ્રીય પોલીસ સંગઠનોની કુલ ૩૮ ટીમો વચ્ચે બેડમિન્ટન અને ટેબલ ટેનિસની સ્પર્ધાઓ યોજાઈ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે આયોજિત 'તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન કલસ્ટર ૨૦૨૬-૨૭'ના સમાપન સમારંભમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોના આયોજનમાં કાયદો અને વ્યવસ્થા જાળવનારા પોલીસકર્મીઓ આજે ખુદ અહીં ખેલાડી તરીકે રમતા નજરે પડ્યા, એ જોઈને આનંદ થાય છે. વડાપ્રધાનશ્રીના 'એક ભારત, શ્રેષ્ઠભારત'ના લક્ષ્યને આપ સૌએ મળીને અહીં સાકાર કર્યું છે, એમ કહીને તેમણે વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં શરૂ થયેલ 'ખેલ મહાકુંભ'થી રાજ્યમાં સ્પોર્ટ્સ કલ્ચર વિકસિત થયું છે. તેમના માર્ગદર્શનમાં વિકસિત કરવામાં આવેલા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પરિણામે ગુજરાત આજે નેશનલ અને ઈન્ટરનેશનલ ગેમ્સના આયોજનનું હબ બની રહ્યું છે. વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના સફળ પ્રયાસોથી ગુજરાત ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સનું યજમાન બનવા જઈ રહ્યું છે. ૨૦૨૯માં વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સના આયોજન માટે પણ ગુજરાત સંપૂર્ણપણે સજ્જ છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ 'ફિટ ઈન્ડિયા'નો મંત્ર આપીને રમતગમતના માધ્યમથી સ્વસ્થ શરીર, સ્વસ્થ મન અને સ્વસ્થ સમાજ દ્વારા સ્વસ્થ રાષ્ટ્રની પ્રેરણા આપી છે. 'ફિટ ઈન્ડિયા' અભિયાન હવે દેશના તમામ નાગરિકોની જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવનારું એક જનઆંદોલન બની ગયું છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે પોલીસ અને રમતગમતનો સંબંધ માત્ર શારીરિક ક્ષમતાનિર્માણ પૂરતો જ સીમિત નથી, પરંતુ તેનાથી માનસિક મજબૂતાઈ, ત્વરિત નિર્ણયશક્તિ, આત્મવિશ્વાસ અને ટીમ સ્પિરિટ પણ વિકસિત થાય છે. વર્દી પહેરીને સમાજની સુરક્ષા કરવી અને રમતના મેદાનમાં પોતાના રાજ્યનું પ્રતિનિધિત્વ કરવું—આ બંને જવાબદારીઓ ગૌરવપૂર્ણ છે. તમે આ બન્ને જવાબદારીઓને સફળતાપૂર્વક નિભાવી રહ્યા છો, એમ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આ સ્પર્ધામાં ૨૫૧થી વધુ મહિલા પોલીસકર્મીઓએ પણ પોતાની પ્રતિભા અને ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે. નારીશક્તિ પોલીસ દળ અને રમતગમત જગત બન્ને ક્ષેત્રોમાં આગળ છે, તેનું આ એક બહુ મોટું ઉદાહરણ છે. ગુજરાતના ડી.જી.પી. શ્રી મલિક પોતે પણ આ સ્પર્ધામાં એક ખેલાડી તરીકે મેદાનમાં ઉતર્યા અને સૌના માટે પ્રેરણા બન્યા, તેનું ગૌરવ છે, એવું તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતને પહેલીવાર આ રાષ્ટ્રીય સ્તરની બેડમિન્ટન અને ટેબલ ટેનિસ સ્પર્ધાના આયોજનનો અવસર મળ્યો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં પાંચ ઓલ ઈન્ડિયા પોલીસ ગેમ્સનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવી ચૂક્યું છે. આ માટે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડના આભારી છીએ. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીના 'નશામુક્ત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં પોલીસકર્મીઓની ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. ડ્રગ્સના દૂષણને જડમૂળથી ખતમ કરવામાં તમે પૂર્ણપ્રતિબદ્ધતા સાથે કાર્યરત રહેશો અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં સહભાગી બનશો, એવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ટૂર્નામેન્ટના સમાપનની સત્તાવાર જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ફ્લેગ હેન્ડિંગ સેરેમની કરવામાં આવી હતી. રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે ગુજરાતને પ્રથમ વખત આ રાષ્ટ્રીય પ્રતિયોગિતાની યજમાની મળવા બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી, તેમણે જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં ૧૦ કેન્દ્રીય પોલીસ સંગઠનો, ૨૪ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશો મળીને દેશભરની કુલ ૩૮ ટીમોના ૧,૦૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાં લગભગ ૨૫% મહિલા ખેલાડીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારીએ પોલીસ દળમાં વધતા મહિલા સશક્તિકરણ અને રમતગમત પ્રત્યેના લગાવનું પ્રતીક છે. પોલીસ કર્મચારીઓના સ્વાસ્થ્ય અને ખેલભાવના પર ભાર મૂકતા રાજ્યના પોલીસ વડાએ જણાવ્યું હતું કે, એક સ્વસ્થ પોલીસકર્મી જ મજબૂત પોલીસ દળનો પાયો હોય છે. આ ટૂર્નામેન્ટ માત્ર રમત પૂરતી સીમિત ન રહેતા દેશભરના વિવિધ પોલીસ સંગઠનોને એક મંચ પર લાવવાનું માધ્યમ બની છે. વિજેતાઓની સાથે તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરતા તેમણે ઉમેર્યું હતું કે, જીત સન્માન અપાવે છે પરંતુ નિરંતર મહેનત જ સાચી ઓળખ અપાવે છે, અને તેમણે ગુજરાત પોલીસની આયોજન સમિતિ, ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ તથા ટેકનિકલ અધિકારીઓનો સફળ આયોજન બદલ આભાર માન્યો હતો. ઈન્ટેલિજન્સ બ્યુરોના એડિશનલ ડિરેક્ટર શ્રી રાજીવ આહિરે ઓલ ઈન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડના ચેરમેન શ્રી મહેશ દીક્ષિતનું પ્રાસંગિક ઉદ્બોધન વાંચી સંભળાવ્યું હતું અધિક પોલીસ મહાનિદેશક (આર્મ્ડ યુનિટ્સ) શ્રી પીયૂષ પટેલે 'તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન કલસ્ટર ૨૦૨૬-૨૭' સ્પર્ધાની રૂપરેખા આપીને પરિણામ સહિતની વિગતો રજૂ કરી હતી. આઈજી એડમિન સુશ્રી ગગનદીપ ગંભીરે આભારવિધિ કરી હતી. સમાપન સમારંભમાં અમદાવાદ શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, ગૃહ વિભાગના સચિવ સુશ્રી નિપૂણા તોરવણે સીઆઈડી ક્રાઈમ અને રેલવેઝ ડીજીપી શ્રી કે.એલ. એન. રાવ સહિતના રાજ્ય પોલીસના ઉચ્ચ અધિકારીઓ, રાજ્ય પોલીસના વિવિધ વિભાગો, વિવિધ રાજ્યોના પોલીસ દળો તથા કેન્દ્રીય પોલીસ સંગઠનોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિક સહિત ગુજરાતના પોલીસ અધિકારીઓનો દબદબો: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિજેતાઓને ટ્રોફી અને મેડલ એનાયત આ પ્રતિયોગિતાના સમાપન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી, જેમાં બેડમિન્ટન કલસ્ટરમાં સીઆરપીએફ (CRPF) ઓવરઓલ ચેમ્પિયન અને મિઝોરમ પોલીસ રનર-અપ રહી હતી. ટેબલ ટેનિસ વિભાગમાં પુરુષોની ઓવરઓલ ચેમ્પિયનશિપમાં મણિપુર પોલીસે વિજેતા અને ઉત્તર પ્રદેશ પોલીસે રનર-અપ ટ્રોફી મેળવી હતી, જ્યારે મહિલાઓની ઓવરઓલ ચેમ્પિયનશિપમાં ઉત્તર પ્રદેશ પોલીસ ચેમ્પિયન અને મણિપુર પોલીસ રનર-અપ બની હતી. આ સ્પર્ધામાં ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓએ પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું; જેમાં રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિક અને આંધ્રપ્રદેશના શ્રીમતી સ્વરૂપા રાનીની જોડીએ મિક્સ ડબલ્સ ૫૫+ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત, ગુજરાતના ડીવાયએસપી શ્રી કે. મિનીજોસેફ અને ડીવાયએસપી શ્રી જીતેન્દ્ર યાદવે મિક્સ ડબલ્સ ૫૦+ કેટેગરીમાં ગોલ્ડ મેડલ, જ્યારે ડીવાયએસપી શ્રી જીતેન્દ્ર યાદવ અને હરિયાણા કેડરના ડીવાયએસપી શ્રી વિપિન કાદિયાનની જોડીએ મેન્સ ડબલ્સ ૪૦+ કેટેગરીમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો, જે તમામ વિજેતા ખેલાડીઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે મેડલ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.



રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિક સહિત ગુજરાતના પોલીસ અધિકારીઓનો દબદબો: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિજેતાઓને ટ્રોફી અને મેડલ એનાયત



૨૨ રાજ્યોમાંથી ૧૪૪ યુવા સંશોધકો દ્વારા વિવિધ શ્રેણીના ૧૨૦ ઉત્કૃષ્ટ સંશોધન પ્રોજેક્ટ્સ રજૂ કરાયા

ભારતની આગામી પેઢીના વૈજ્ઞાાનિકો અને સંશોધકોની ઉજ્વણી

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં 'ઇનિશિયેટિવ ફોર રિસર્ચ એન્ડ ઇનોવેશન ઇન સ્ટેમ' (IRIS) નેશનલ ફેરનું સમાપન







માત્ર સપના જોવાથી નહીં, પરંતુ સતત પરિશ્રમથી જ સપના સાકાર થશે : નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્,

EXSTEMPLAR એજ્યુકેશન લિંક્સ ફાઉન્ડેશન દ્વારા આયોજિત અને ઝાયડસ લાઈફ સાયન્સિસ લિમિટેડ દ્વારા સંચાલિત IRIS નેશનલ ફેર ૨૦૨૬-૨૭નું આયોજન ૨૨ થી ૨૪ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન વિજ્ઞાન ભવન, ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ ફેરનો સમાપન સમારોહ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયો હતો, જેમાં ભારતની ઉભરતી વૈજ્ઞાનિક પ્રતિભાઓની સિદ્ધિઓની ઉજવણી કરીને તેમને એવો ડ્રસથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાપન સમારોહમાં ઉપસ્થિત દેશભરના યુવા સંશોધકોને આવકારતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં બાળકો અને યુવાનોના 'સ્ક્રીન ટાઈમ'ને રચનાત્મક અને ઉપયોગી દિશામાં વાળવો એ સૌથી મોટો પડકાર છે, ત્યારે IRIS નેશનલ ફેર જેવા પ્લેટફોર્મ દ્વારા વિદ્યાર્થીઓએ જે આત્મવિશ્વાસ અને ઊંડાણપૂર્વકના સંશોધન સાથે પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કર્યા છે, તે ખરેખર પ્રશંસનીય છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોના ભેદભાવ વગર તમામ વિદ્યાર્થીઓને મળી રહેલી તક અંગે આનંદ વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે, આ ફેરમાં માત્ર મોટા શહેરો કે આંતરરાષ્ટ્રીય શાળાઓના જ નહીં, પરંતુ નાના ગામડાંઓમાંથી આવેલા અને મર્યાદિત સુવિધાઓ વચ્ચે પણ અદભુત સંશોધન કરનારા વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરેથી રાષ્ટ્રીય અને હવે વૈશ્વિક મંચ સુધી પહોંચાડવા બદલ તેમણે ઝાયડસ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને તમામ આયોજકોનો રાજ્ય સરકાર વતી આભાર માન્યો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ યુવા સંશોધકોના નવીન વિચારો આગામી સમયમાં રાજ્ય સરકારને વિવિધ પડકારોના ઉકેલ લાવવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. યુવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા શ્રી સંઘવીએ પ્રેરણાદાયી સંદેશ આપતા કહ્યું હતું કે, "માત્ર સપના જોવાથી કામ નહીં ચાલે, પરંતુ તે સપનાઓને સાકાર કરવા માટે સતત પરિશ્રમ કરવો પડશે. આ સ્પર્ધામાં કોઈની હાર કે જીત નથી; જેઓ વૈશ્વિક સ્તરે પસંદગી પામ્યા છે તેમને અભિનંદન, પરંતુ જેઓ પસંદ નથી થયા તેમને બમણા અભિનંદન—કારણ કે તેમની પાસે હજુ વધુ સંશોધન કરવાનો અને આગળ વધવાનો વિશાળ અવકાશ રહેલો છે." વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, આજના સમયમાં બાળકો દ્વારા આસપાસની સમસ્યા અને ઓળખીને તેનો ઉકેલ લાવવાની પહેલ કરવી એ 'નિષ્ક્રિય શિક્ષણ'માંથી 'સક્રિય સમસ્યા નિવારણ' તરફનું મહત્વપૂર્ણ કદમ છે.

પોતાના વિદ્યાર્થીકાળના અનુભવો વાગોળતા તેમણે કહ્યું કે અગાઉના સમયમાં માત્ર પ્રમાણપત્રો મેળવવા કે નોકરી પૂરતું મર્યાદિત અભિગમ રહેતો, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં દેશમાં સંશોધન, નવીનતા અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે નવા દ્વાર ખુલ્યા છે. કોવિડ-૧૯ મહામારી દરમિયાન સ્વદેશી રસીના નિર્માણ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારત તથા ગુજરાતે મેળવેલી પ્રગતિનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, દેશના ૧૨ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સમાંથી ૬ ગુજરાતમાં સ્થાપિત થઈ રહ્યા છે અને દેશના યુવાનો હવે સ્પેસ ટેકનોલોજી, બાયોટેકનોલોજી, ઈલેક્ટ્રોનિક્સ અને એઆઈ (AI) જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક નેતૃત્વ કરવા સક્ષમ બન્યા છે. યુવા સંશોધકોને અભિનંદન આપતા શ્રી મોઢવાડિયા એ જણાવ્યું કે, વિજ્ઞાનમાં દરેક પ્રયોગ સાથે સફળતાના દરમાં વધારો થાય છે અને જે વિદ્યાર્થીઓને આજે પુરસ્કાર નથી મળ્યા તેઓ આગામી વર્ષોમાં વધુ મહેનત કરીને પોતાની ક્ષમતા સાબિત કરશે. તેમણે ધોરણ-૫ ની વિદ્યાર્થિનીએ બાળકોના 'સ્ક્રીન ટાઈમ'ને ઉપયોગી શિક્ષણમાં પરિવર્તિત કરવા અંગે રજૂ કરેલા પ્રોજેક્ટની સરાહના કરી હતી અને બાળકોને મોબાઈલથી દૂર રાખી સંશોધન માટે પ્રેરિત કરનાર વાલીઓ તથા મેન્ટર્સનો આભાર માન્યો હતો. અંતમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, 'વિકસિત ભારત @ 2047'ના લક્ષ્યને સાકાર કરવામાં અને વૈશ્વિક નવીનતામાં આજની આ યુવા પેઢી મહત્વપૂર્ણ નેતૃત્વ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઈનિશિયેટિવ ફોર રિસર્ચ એન્ડ ઈનોવેશન ઈન STEM (IRIS) એ સમગ્ર ભારતમાંથી યુવા વૈજ્ઞાનિક પ્રતિભાઓને ઓળખવા, તેમનું ઘડતર કરવા અને તેમને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત એક રાષ્ટ્રીય સ્તરનું પ્લેટફોર્મ છે. તે શાળાના વિદ્યાર્થીઓને મૌલિક વૈજ્ઞાનિક સંશોધન કરવા, વાસ્તવિક દુનિયાના પડકારોના નવીન ઉકેલો વિકસાવવા અને પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો, શિક્ષણવિદો, સંશોધકો તથા ઉદ્યોગ નિષ્ણાતો સમક્ષ પોતાનું કાર્ય રજૂ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. આ વર્ષની આવૃત્તિમાં 22 STEM વિષય શ્રેણીઓમાં અંદાજે ૧૨૦૦ સંશોધન પ્રોજેક્ટ્સની અરજીઓ પ્રાપ્ત થઈ હતી. બહુ-સ્તરીય મૂલ્યાંકન અને પસંદગી પ્રક્રિયા બાદ, સમગ્ર ભારતના ૨૨ રાજ્યોમાંથી ૧૪૪ યુવા સંશોધકો દ્વારા રજૂ કરાયેલા ૧૨૦ ઉત્કૃષ્ટ સંશોધન પ્રોજેક્ટ્સની અમદાવાદ ખાતેના નેશનલ ફેરમાં ભાગ લેવા માટે પસંદગી કરવામાં આવી હતી આ પ્રોજેક્ટ્સમાં જીવવિજ્ઞાન (લાઈફ સાયન્સિસ), એન્જિનિયરિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), પર્યાવરણ વિજ્ઞાન, ગણિત, રોબોટિક્સ અને નવી રજૂ કરાયેલી શ્રેણી 'ટેકનોલોજી એન્હાન્સિસ ધ આર્ટ્સ' (Technology Enhances the Arts) સહિત વિવિધ વૈજ્ઞાનિક શાખાઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ઝાયડસ લાઈફના પ્રતિનિધિ શ્રી ગણેશ નાયક, સાયન્સ સિટીના શ્રી ચરણસિંહ ગોહિલ, નેશનલ ફેરના શ્રી શરણકુમાર, વિવિધ રાજ્યોમાંથી આવેલી યુવા પ્રતિભાઓ, સંલગ્ન સંસ્થાના પ્રતિનિધિઓ, શિક્ષકો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) દ્વારા નિયોજકો અને વીમિત વ્યક્તિઓને રાહત આપવા માટે અમલમાં મૂકવામાં આવેલી એમ્નેસ્ટી યોજના ૨૦૨૫ની મુદત ત્રણ મહિના માટે લંબાવવામાં આવી છે. હવે આ યોજના ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. અગાઉ આ યોજના ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી અમલમાં હતી. એમ્નેસ્ટી યોજના ૨૦૨૫નો હેતુ કર્મચારી રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળના પડતર વિવાદોના સમાધાનને પ્રોત્સાહન આપવાનો છે. આ યોજના હેઠળ વીમિત વ્યક્તિઓ અને નિયોજકો વિરુદ્ધ પડતર ફોજદારી કેસો પાછા ખેંચવાની તેમજ નિયોજકે તથા વીમિત વ્યક્તિઓ પોતાના નજીકના ઈએસઆઈસી પ્રાદેશિક કાર્યાલય અથવા ઉપ પ્રાદેશિક કાર્યાલયનો સંપર્ક કરી શકે છે. આ અંગેની સંપૂર્ણ વિગતો ESIC ની વેબસાઇટ esic.gov.in પર પણ ઉપલબ્ધ છે. rd-gujarat@esic.gov.in પર ઈ-મેઈલ મોકલીને પણ માહિતી મેળવી શકાય છે.

ધરતીનું સ્વાસ્થ્ય સુધારવા અને ખેડૂતોની આવક વધારવા પંજાબના ખેતરોમાં પહોંચ્યા કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ

પરાળી વ્યવસ્થાપનમાં 'બૂહ હવેલિયાં'એ દેશને બતાવ્યો નવો રાહ, છ વર્ષથી પરાળી બાળ્યા વિના કરી રહ્યા છે ખેતી; કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહે કર્યું ખેડૂતો અને પંચાયતોનું અભિવાદન

કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે પંજાબના તરનતારન જિલ્લાના ગામ 'બૂહ હવેલિયાં' માં આયોજિત 'કિસાન ચૌપાલ'માં સહભાગી થઈને અગ્રણી ખેડૂતો સાથે સીધો સંવાદ કર્યો હતો. ખેતરોની વચ્ચે ખેડૂતો સાથે બેસીને તેમની સમસ્યાઓ અને સૂચનો સાંભળતા શ્રી ચૌહાણે પરાળી બાળ્યા વિના આધુનિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતો અને પંચાયતોનું અભિવાદન કર્યું હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તેઓ કોઈ મોટી રાજકીય સભા કરવા નહીં, પરંતુ એક સેવકના રૂપમાં ખેડૂતોની વચ્ચે બેસીને તેમની વાત સમજવા આવ્યા છે. આ દરમિયાન તેમણે પંજાબ સરકારને ખેડૂતોના હિતમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના લાગુ કરવાનો આગ્રહ કર્યો અને મોટી સરકારની ખેડૂત હિતૈષી નીતિઓ તથા MSP પર વિક્રમી ખરીદીની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

ખેડૂતોની સેવા જ સતગુરુની સાચી પૂજા

કિસાન ચૌપાલને સંબોધતા કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ભાવુક બનને આત્મીય અંદાજમાં કહ્યું કે ખેડૂત દિવસ-રાત મહેનત કરીને સમગ્ર દેશનું પેટ ભરે છે. તેમણે કહ્યું, "હું કોઈ નેતા-બેતા નથી, હું તો ખેડૂતોનો સેવક છું. ગુરુ નાનક દેવજીએ પણ આ જ સંદેશ આપ્યો છે કે અહંકાર, ઈર્ષ્યા અને દ્વેષથી દૂર રહીને સેવા કરવી જોઈએ. મંત્રી પદ કોઈ અહંકાર માટે નહીં, પરંતુ જનતાની સેવા માટે મળ્યું છે અને મારા માટે ખેડૂતોની સેવા જ સતગુરુ ભગવાનની પૂજા છે."

હરિત ક્રાંતિથી 'ખેત બચાઓ અભિયાન' સુધીની સફર

પંજાબના ખેડૂતોના ઐતિહાસિક યોગદાનને નમન કરતા કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે કહ્યું કે જ્યારે દેશમાં અન્નનું સંકટ હતું અને બહારથી લાલ ઘઉં મંગાવવા પડતા હતા, ત્યારે પંજાબના ખેડૂતોએ જ હરિત ક્રાંતિ લાવીને દેશના અન્નના ભંડાર ભર્યા હતા. પરંતુ આજે અત્યધિક રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને પરાળી બાળવાને કારણે આપણી ધરતી માતાનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે. મિત્ર કીટકો અને અળસિયા ખતમ થઈ રહ્યા છે. તેમણે ચેતવણી આપી કે જો આપણે આજે માટીની ફળદ્રુપતા નહીં બચાવીએ, તો આવનારી પેઢીઓ સામે મોટું સંકટ ઊભું થઈ જશે. તેમણે ગામ 'બૂહ હવેલિયાં' અને આસપાસના ખેડૂતો દ્વારા છેલ્લા છ વર્ષથી પરાળી ન બાળવા અને હેપ્પી સીડર તથા ડાયરેક્ટ સીડિંગ અપનાવવાની સરાહના કરતા કહ્યું કે આ ગામે સમગ્ર દેશને 'ખેત બચાઓ અભિયાન'ની નવી દિશા બતાવી છે.

કૃષિ મશીનોને લઈને રાજ્ય સરકારને આપી શીખ

સંવાદ દરમિયાન પ્રગતિશીલ ખેડૂત સરદાર સુખવિંદર સિંહ (કિરતોવાલ), સરદાર જતિંદર સિંહ (મુંડા પિંડ) અને પૂર્વ સરપંચ સરદાર ગુરનામ સિંહે પરાળી વ્યવસ્થાપનમાં આવી રહેલી વ્યવહારુ મુશ્કેલીઓ અને બેલર મશીનોની સબસિડી સાથે જોડાયેલા સૂચનો રજૂ કર્યા હતા. શ્રી ચૌહાણે ખેડૂતોના સૂચનો પર ગંભીરતા દાખવતા તેમને દિલ્હી બોલાવીને વિસ્તારથી ચર્ચા કરવાનું આશ્વાસન આપ્યું હતું. તો, સબસિડી પર મળતા મશીનોની ફરિયાદ પર કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજસિંહે કહ્યું કે ભારત સરકાર CRM (પાક અવશેષ વ્યવસ્થાપન) માટે આ વર્ષે પણ લગભગ ૨૮૯ કરોડ રૂપિયા જેવી મોટી રકમ રાજ્ય સરકારને આપી રહી છે. કેન્દ્ર સરકાર પૈસા આપે છે, મશીનો ખરીદવાની અને ગુણવત્તા તપાસવાની જવાબદારી રાજ્ય શાસનની છે. રાજ્ય સરકારે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે ખેડૂતોને સારી ગુણવત્તાના મશીનો મળે અને ખરાબ થવા પર તેમના સમારકામની પાકકી વ્યવસ્થા હોય.

ફસલ બીમા યોજના અને વિવિધતા પર ભાર

શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ખેતીને નકારાત્મક વ્યવસાય બનાવવા માટે ઉત્પાદન વધારવા, ખર્ચ ઘટાડવા અને પાકોની વિવિધતાની સાથે પશુપાલન, મત્સ્ય પાલન અને મરઘા પાલન જેવી સંકલિત ખેતી અપનાવવી પડશે. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે પંજાબમાં હજુ સુધી પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના લાગુ કરવામાં આવી નથી. તેમણે જણાવ્યું કે પૂરના સમયે પણ તેમણે મુખ્યમંત્રીને પત્ર લખીને તેને લાગુ કરવાનો આગ્રહ કર્યો હતો જેથી કુદરતી આફતમાં ખેડૂતોના નુકસાનની ભરપાઈ થઈ શકે.

પંજાબમાં ગઠબંધનથી પ્રગતિ અને વિકાસનો નવો માર્ગ



ખુલશે

કાર્યક્રમ બાદ મીડિયા સાથે ચર્ચા કરતા કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતોને આશ્વસ્ત કરતા કહ્યું કે ડાંગર અને ઘઉંની MSP પર સંપૂર્ણ ખરીદી કેન્દ્ર સરકાર જ કરેછે. આ ઉપરાંત કઠોળ (તુવેર, મસૂર, અડદ)ની ૧૦૦ ટકા ખરીદી અને કપાસની MSP પર ખરીદી માટે સરકારની ગેરંટી છે. અગાઉની UPA સરકારની સરખા મણીમાં માટી સરકારે અનેક ગણી વધુ ખરીદી કરી છે અને તે આગળ પણ નિરંતર ચાલુ રહેશે.

ભારતીય સંવિધાન દિવસ ૨૦૨૬

બંધારણીય મૂલ્યોના જતન અને સુશાસનમાં ગુજરાત સરકારનું સરાહનીય યોગદાન

સામાજિક ન્યાય, સમાનતા અને લોકશાહીના સુદ્રઢીકરણમાં ગુજરાતનું યોગદાન



બંધારણના આદર્શો અને જનકલ્યાણઃ એક સમૃદ્ધ, સમાનતાવાદી અને પ્રગતિશીલ ગુજરાતનું નિર્માણ

કમલમ્,અમદાવાદ

દરવર્ષે ૨૬ નવેમ્બરે સમગ્ર દેશમાં 'ભારતીય સંવિધાન દિવસ' અત્યંત ગૌરવપૂર્વક ઉજવવામાં આવે છે. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશના બંધારણને સ્વીકાર્યું હતું. બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકર તથા અન્ય મહાનુભાવો દ્વારા આપણને આપવામાં આવેલું બંધારણ માત્ર એક કાનૂની દસ્તાવેજ નથી, પરંતુ તે દેશના દરેક નાગરિકના અધિકારો, સમાનતા અને સામાજિક ન્યાયનું પ્રતીક છે. આ બંધારણીય મૂલ્યોને ચરિતાર્થ કરી સુશાસન સ્થાપવામાં ગુજરાત સરકારની ભૂમિકા અત્યંત સંગ્રહનીય રહી છે. વર્ષ ૨૦૨૬માં ભારતીય સંવિધાન દિવસ નિમિત્તે ગુજરાત સરકારની બંધારણલક્ષી અને નાગરિક-કેન્દ્રી કલ્યાણકારી કામગીરી વંદનીય છે. જેમાં સામાજિક ન્યાય અને સમાનતાનું રક્ષણમાં બંધારણના આત્મા સમાન સામાજિક સમાનતાના સિદ્ધાંતને સાકાર કરવા માટે ગુજરાત સરકારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક-શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉત્થાન માટે અનેકયોજનાઓ અમલમાં મૂકી છે. 'ડૉ.આંબેડકર આવાસ યોજના' અને શિષ્યવૃત્તિ યોજનાઓ દ્વારા સમાજના અંતિમ માનવી સુધી વિકાસના ફળ પહોંચાડવામાં આવ્યા છે. મહિલા સશક્તિકરણ અને સમાનતાકે માટે બંધારણ દ્વારા આપવામાં આવેલી લિંગ સમાનતાની વિભાવનાને આગળ ધપાવતા ગુજરાત સરકારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે પચાસ ટકા અનામત, 'બેસ્ટર બજેટ' અને 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' જેવી પહેલ દ્વારા નારી શક્તિને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સક્ષમ બનાવી છે. તથા નાગરિક અધિકારો અને પારદર્શક વહીવટ માટે બંધારણીય મૂલ્ય અનુસાર નાગરિકોને સરળ અને પારદર્શક સેવાઓ મળે તે માટે 'ડીજીટલ ગુજરાત' અને 'સ્વાગત ઓનલાઈન' જેવા પ્લેટફોર્મ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરી લોકફરિયાદોનો ત્વરિત નિકાલ કરવામાં આવે છે. શિક્ષણ અને પાયાના અધિકારોની સુરક્ષા માટે આર.ટી.ઈ. હેઠળ ગરીબ બાળકોને ખાનગી શાળાઓમાં મફત શિક્ષણ અને 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' દ્વારા દરેક બાળકને ગુણવત્તાસભર શિક્ષણનો બંધારણીય અધિકાર સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. તેમજ બંધારણીય જાગૃતિ અને લોકશાહીનું સુદ્રઢીકરણ થાય તે માટે રાજ્યની શાળાઓ અને કોલેજોમાં સંવિધાનની પ્રસ્તાવનાનું વાચન, વકતૃત્વ સ્પર્ધાઓ અને કાનૂની જાગૃતિ શિબિરોના આયોજન દ્વારા યુવા પેઢીમાં બંધારણીય ફરજો અને અધિકારો પ્રત્યે નિષ્ઠા કેળવવાનો પ્રશંસનીય પ્રયાસ સરકારે કર્યો છે. ગુજરાત સરકારે 'સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્ર સાથે બંધારણના મૂળભૂત આદર્શોને રાજ્યના વિકાસ મોડેલના કેન્દ્રમાં રાખ્યા છે. સંવિધાન દિવસ ૨૦૨૬ નિમિત્તે, ચાલો આપણે સૌ ભારતીય બંધારણના આદર્શો પ્રત્યે આપણી અડીખમ નિષ્ઠા વ્યક્ત કરીએ અને રાજ્ય સરકારના સુશાસનના સંકલ્પમાં સહભાગી બની એક આદર્શ, સમૃદ્ધ અને સમાનતાવાદી ગુજરાતના નિર્માણમાં યોગદાન આપીએ.

વન મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની ગાંધીનગર સ્થિત 'ગીર' ફાઉન્ડેશન- ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની સમીક્ષા મુલાકાતે







કમલમ્,

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર સ્થિત 'ગીર' ફાઉન્ડેશન તથા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની સમીક્ષા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની વિવિધ સુવિધાઓ અને વન્યજીવ સંરક્ષણની ક્રમગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ઉદ્યાનમાં સાયકલ સવારી કરીને બોટનિકલ ગાર્ડન, સર્પગૃહ, તૃણાહારી પ્રાણી વિભાગ, પક્ષી વિભાગ તેમજ બિડાલ કુળના પ્રાણીઓના વિભાગની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ઉદ્યાનમાં પ્રાણીઓની જાળવણી, રહેઠાણની વ્યવસ્થા અને મુલાકાતીઓ માટે ઊભી કરવામાં આવેલી સુવિધાઓ અંગે પણ માહિતી મેળવી હતી. ખાસ કરીને તાજેતરમાં રેસ્કયુ કરીને લાવવામાં આવેલા ચોસિંગાના બચ્ચા તેમજ વરુની કરવામાં આવી રહેલી સારસંભાળ અને દેખરેખની ક્રમગીરીની તેમણે સમીક્ષા કરી હતી. વન્યજીવોના રેસ્કયુ, પુનર્વસન અને સંભાળ માટે કરવામાં આવતી ક્રમગીરી અંગે મંત્રીશ્રીએ 'ગીર' ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવતી વિવિધ ઈકો-એક્ટિવિટીઝમાં પણ ઉત્સાહભેર સહભાગી થયા હતા. પર્યાવરણ શિક્ષણ અને સાતત્યપૂર્ણ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાતી માટીકામની પરંપરાગત કળાની પ્રવૃત્તિમાં તેમણે જાતે ચાકડા પર માટીના વાસણો બનાવીને ભાગ લીધો હતો. આ માધ્યમથી તેમણે પરંપરાગત કૌશલ્યોને પ્રોત્સાહન આપવા સાથે પ્રકૃતિને અનુકૂળ અને સાતત્યપૂર્ણ જીવનશૈલી અપનાવવાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત, 'ગીર' ફાઉન્ડેશન દ્વારા કડી યુનિવર્સિટીના નેશનલ સર્વિસ સ્કીમ (NSS) ના સ્વયંસેવકોના સહયોગથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ આ અભિયાનમાં સહભાગી થયેલા વિદ્યાર્થીઓના સેવાભાવી અભિગમને બિરદાવ્યો હતો અને સ્વચ્છતા તથા પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રે યુવાનોની સક્રિય ભાગીદારીને આવકારી હતી. સમગ્ર મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ 'ગીર' ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ શિક્ષણ, પ્રકૃતિ સંરક્ષણ, વન્યજીવ સંભાળ અને જનજાગૃતિના ક્ષેત્રે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી મેળવી હતી. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે ઉપલબ્ધ સુવિધાઓ, વ્યવસ્થાપન અને વન્યજીવ સંરક્ષણની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરીને તેમણે 'ગીર' ફાઉન્ડેશનના અધિકારીઓ અને કર્મચારીઓની પ્રયાસોની પ્રશંસા કરી હતી. આ મુલાકાત પ્રકૃતિ સંરક્ષણ, પર્યાવરણ શિક્ષણ અને જનભાગીદારીના ક્ષેત્રે 'ગીર' ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓને વધુ વેગ આપવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ, ડૉ. જયપાલ સિંહ, શ્રી બી.પી. પતિ, નિયામક, 'ગીર' ફાઉન્ડેશન તથા શ્રી અમિતકુમાર બી. નાયક, નાયબ નિયામક (આર એન્ડ ડી) સહિત 'ગીર' ફાઉન્ડેશનના અધિકારીશ્રીઓ દ્વારા મંત્રીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ નળ સરોવર પક્ષી અભયારણ્યની મુલાકાત લઈ વિકાસકામો અને પ્રવાસન સુવિધાઓની સમીક્ષા કરી

નળ સરોવરના પુનર્વિકાસના પ્રોજેક્ટ પૂર્ણતાના આરે; ટૂંક સમયમાં બોટિંગ સુવિધા પુનઃ શરૂ કરાશે







યાયાવર પક્ષીઓના સંરક્ષણ, જૈવવિવિધતાની જાળવણી અને ઇકો-ટુરિઝમને પ્રોત્સાહન આપવા અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું

કમલમ્,

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ અમદાવાદ જિલ્લાના નળ સરોવર પક્ષી અભયારણ્યની મુલાકાત લઈ, ત્યાં ચાલી રહેલાં વિકાસકામો, પ્રવાસન માળખાકીય સુવિધાઓ તથા પર્યાવરણીય સંરક્ષણની કામગીરીની સમીક્ષા કરી હતી. અમદાવાદ જિલ્લાના નળ સરોવર પક્ષી અભયારણ્યને તેના પ્રાકૃતિક સૌંદર્ય, સમૃદ્ધ જૈવવિવિધતા અને દેશ-વિદેશથી આવતા યાયાવર પક્ષીઓના આગમનને ક્રણે વિશેષ ઓળખ પ્રાપ્ત થઈ છે. આ કુદરતી ધરોહરને વધુ સુવિધાસભર, આધુનિક અને પ્રવાસીઓ માટે આકર્ષક સ્થળ તરીકે વિકસાવવા રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિકાસકામો હાથ ધરવામાં આવી રહ્યાં છે.

જે અંતર્ગત, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ નળ સરોવર ખાતે હાથ ધરવામાં આવેલાં વિવિધ વિકાસકામો અને પ્રવાસીઓ માટે ઊભી કરવામાં આવી રહેલી સુવિધાઓ જેવી કે કેન્ટીન, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, ગ્રીનઝોન, બોર્ડિંગ જેટ્ટી, બર્ડ્સ્ વૉચ પૉઇન્ટ વગેરેનું નિરીક્ષણ કર્યું હતું. નળ સરોવરની કુદરતી આંખ અને પર્યાવરણીય સમતુલા જાળવી રાખવાની સાથેને વધુ સુવિધાસભર પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની દિશામાં હાથ ધરવામાં આવેલી કામગીરી અંગે તેમણે વિગતો મેળવી હતી. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીના અધ્યક્ષસ્થાને વન વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નળ સરોવરના સંરક્ષણ, વિકાસકામોની પ્રગતિ, પ્રવાસીઓ માટેની સુવિધાઓ તથા આગામી સમયમાં હાથ ધરાનારી વિવિધ પહેલ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, નળ સરોવર શિયાળાની ઋતુમાં દેશ-વિદેશથી આવતા હજારો યાયાવર પક્ષીઓનું મહત્ત્વપૂર્ણ આશ્રયસ્થાન છે. આ પક્ષીઓના સુરક્ષિત વસવાટ માટે અનુકૂળ વાતાવરણ જાળવવું, તેમના કુદરતી રહેઠાણનું સંરક્ષણ કરવું તેમજ અભયારણ્યની સમૃદ્ધ જૈવવિવિધતા ટકાવી રાખવી જેવી બાબતોને વિશેષ પ્રાધાન્ય આપવા વનમંત્રીએ અધિકારીઓને સૂચના આપી હતી. નળ સરોવરની પર્યાવરણીય સંવેદનશીલતા ને ધ્યાનમાં રાખીને વિકાસ અને પ્રકૃતિ સંરક્ષણ વચ્ચે સંતુલન જળવાય તે દિશામાં કામગીરી કરવા પણ તેમણે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આ કુદરતી ધરોહરનું જતન કરવાની સાથે તેને પ્રવાસીઓ માટે વધુ આકર્ષક બનાવવાની દિશામાં સંકલિત પ્રયાસો કરવા પર ભાર મૂક્યો હતો. નળ સરોવરને વધુ પ્રવાસન-અનુકૂળ બનાવવા માના હેતુથી હાથ ધરવામાં આવેલા પુનર્વિકાસના પ્રોજેક્ટ્સ પૂર્ણતાના આરે છે.

આ ઉપરાંત, પ્રકૃતિપ્રેમીઓ અને પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ બોર્ડિંગ સુવિધા પણ જરૂરી અંતિમ ઓપ્યારિકતાઓ પૂર્ણથયા બાદ ટૂંક સમયમાં પુનઃ શરૂ કરવામાં આવશે. આ સુવિધા શરૂ થવાથી નળ સરોવરની મુલાકાત આવતા પ્રવાસીઓને વધુ સારો અનુભવ મળશે અને પ્રવાસન પ્રવૃત્તિઓને પણ વેગ મળશે. આ સાથે જ, નળ સરોવરની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટેની પ્રાથમિક સુવિધાઓમાં વધારો કરવા, સ્વચ્છતા વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા, પ્રવાસન માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવા અને ઈકો-ટુરિઝમને પ્રોત્સાહન આપવા સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. નળ સરોવરમાં વધતી પ્રવાસન પ્રવૃત્તિઓનો લાભ સ્થાનિક સમુદાય સુધી પહોંચે તે માટે સ્થાનિક પરિવારો, નાના વ્યવસાયકારો અને પ્રવાસન માર્ગદર્શકોને પ્રવાસન વિકાસની પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવી તેમની આર્થિક તકોમાં વધારો થાય તેવા પ્રયાસો કરવા પણ તેમણે જણાવ્યું હતું. પ્રવાસનનો વિકાસ માત્ર મુલાકાતીઓની સંખ્યામાં વધારો કરવા પૂરતો મર્યાદિત ન રહે, પરંતુ સ્થાનિક રોજગારી અને આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન આપતે જરૂરી છે. આ મુલાકાત અને સમીક્ષા બેઠકમાં વીરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ, સ્થાનિક આગેવાનો, વન વિભાગના અધિકારીઓ તથા વિવિધ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં જોગણી માતાના મંદિરે આયોજિત ગરબા મહોત્સવમાં ભાવપૂર્વક સહભાગી થયા






કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના મેમનગરમાં જોગણી માતાજીના મંદિર ખાતે દેવદિવાળી નિમિત્તે આયોજિત ૪૧મા ગરબા મહોત્સવમાં ભાવપૂર્વક સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ જોગણી માતાજીના મંદિરે ભક્તિભાવપૂર્વક આરતી ઉતારી હતી અને માતાજીનું પૂજન કરીને રાજ્યની સુખાકારી તથા જનકલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ જોગણી માતાજીના મંદિરે ઉપસ્થિત લોકોનું અભિવાદન ઝીલીને દેવદિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે અમુકોની સ્પેર્ટિંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી દેવાંગ દાણી સહિતના સ્થાનિક કાર્યકર્તાઓ અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મેમનગરના જોગણી માતાજીના મંદિરે આદશ્રી શક્તિ મિત્રમંડળ, મેમનગર મિત્રમંડળ અને મેમનગર ગામ પરિવાર દ્વારા દર વર્ષે દેવદિવાળીના પાવન દિવસે ગરબા મહોત્સવ યોજવામાં આવે છે.

કેન્દ્રીય મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ ટેલિકોમ સ્ટાર્ટઅપ્સ અને MSME કોક્લેવ ૨૦૨૬ ની અધ્યક્ષતા કરી; સ્વદેશી ટેલિકોમ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને મજબૂત બનાવવા હાકલ કરી



કમલમ્,

સંચાર અને પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ કેન્દ્રીય મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ આજે લીડર્સ લાઉન્જ, ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે સંચાર મંત્રાલયના ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) દ્વારા આયોજિત 'ટેલિકોમ સ્ટાર્ટઅપ્સ અને MSME કોક્લેવ ૨૦૨૬' ની અધ્યક્ષતા કરી હતી. આ કોક્લેવે સ્વદેશી ટેલિકોમ નવીનતાને મજબૂત બનાવવા, ઉદ્યોગસાહસિકતા ને પ્રોત્સાહન આપવા અને ઘરેલું ટેકનોલોજીના વિકાસ તથા વ્યાપારીકરણને સરળ બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી હતી. આ કોક્લેવે સ્વદેશી ઉત્પાદનો અને ઉકેલો રજૂ કરવા, ઘરેલું નવીનતાકારો સામેના પડકારો પર વિચાર-વિમર્શ કરવા અને ભારતીય ટેલિકોમ ટેકનોલોજીને વિસ્તૃત કરવાની તકો શોધવા માટે ટેલિકોમ સ્ટાર્ટઅપ્સ, માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝિસ (MSME), ઉદ્યોગના અગ્રણીઓ, રોકાણકારો, શિક્ષણવિદો અને સરકારી પ્રતિનિધિઓને એક પ્લેટફોર્મ પર એકસાથે લાવ્યા હતા. NITI આયોગના ડિસ્ટિંગ્વિશ્ડ ફેલો અને NITI કન્ટિયર ટેક હબના ચીફ ઓપરેટિંગ્સ સુશ્રી દેબજાની ઘોષેના સત્ર દરમિયાન મુખ્ય સંબોધન આપ્યું, જેમાં નવીનતા ને પ્રોત્સાહન આપવા, હિતધારકો વચ્ચે સહયોગ મજબૂત બનાવવા અને ટેકનોલોજી-આધારિત ઉદ્યોગસાહસિકતા માટે સક્ષમ ઇકોસિસ્ટમ ઊભું કરવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. કોક્લેવમાં ટેલિકોમ ટેકનોલોજી સ્ટેકને આવરી લેતા પાંચ મુખ્ય વિષયોના ક્ષેત્રો—એટલે કે રેડિયો એક્સેસ નેટવર્ક (RAN) અને કોર, એપ્લિકેશન્સ, ચિપસેટ્સ, સુરક્ષા અને ધોરણો—પર પ્રસ્તુતિઓ અને ચર્ચાઓ યોજાઈ હતી. દરેક વિષય જૂથનું પ્રતિનિધિત્વ સંબંધિત DoT અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે સ્ટાર્ટઅપ્સ અને MSME ને ટેકો આપવા તથા એક કેદર ટેલિકોમ નવીનતા ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી રહેલી વિવિધ સરકારી પહેલો, નીતિગત હસ્તક્ષેપો અને સક્ષમ માળખાઓની સહભાગીઓને જાણકારી આપી હતી. કોક્લેવમાં સ્ટાર્ટઅપ્સ અને MSME દ્વારા સ્થાપિત ૧૧ પ્રદર્શન સ્ટોલ્સ પણ હતા, જેનાથી તેમને નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગના અગ્રણીઓ, રોકાણકારો અને અન્ય હિતધારકો સમક્ષ પોતાના નવીન સ્વદેશી ઉત્પાદનો, ટેકનોલોજી અને ઉકેલો રજૂ કરવાની તક મળી હતી. કેન્દ્રીય મંત્રીએ TCoE ઇન્ટિયા દ્વારા આયોજિત ઇમર્જિંગ ટેકનોલોજીસ હેકાથોન 2026 (ETH 2026)ના વિજેતાઓનું સન્માન પણ કર્યું હતું. આ હેકાથોનમાં વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સ, કંપનીઓ અને શૈક્ષણિક સંસ્થાઓની સહભાગીતા સાથે નવટેકનોલોજી ડોમેન્સમાં ૨,૮૭૦ થી વધુ નોંધણીઓ અને ૬૨૦ અરજીઓ મળી હતી. વિજેતાઓને તેમના નવીન ઉકેલો માટે પુરસ્કારો અને ઇનામી રકમથી સન્માનિત કરવામાં આવ્યા હતા. Entra Innovations LLP એ સ્વદેશી રીતે ડિઝાઇન કરાયેલ ટાયર-પ્રેશર સેન્સર સિસ્ટમ-ઓન-ચિપ 'VAAYU' માટે પ્રથમ પુરસ્કાર મેળવ્યો; Dawniens International Private Limited એ ફાઇબર કનેક્શન્સના રિમોટ પ્રોવિઝનિંગને સક્ષમ બનાવતા રોબોટિક ઓપ્ટિકલ પેચ પેનલ સોલ્યુશન 'Cablesmith' માટે બીજો પુરસ્કાર મેળવ્યો; જ્યારે સંયુક્ત ત્રીજો પુરસ્કાર પ્રાઇવેટ 5G નેટવર્ક્સ માટેના સિક્યોરિટી એન્જિન 'KAVACH' માટે IIT બોમ્બે (ટીમ DRISTI) અને ડ્રોન માટેના એન્ટી-જામિંગ કોમ્યુનિકેશન સોલ્યુશન 'VajraLink' માટે મિલિટરી કોલેજ ઓફ ટેલિકમ્યુનિકેશન એન્જિનિયરિંગ (ટીમ RUDRA) ને એનાયત કરવામાં આવ્યો હતો. કોક્લેવ દરમિયાન બોલતા, કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, "પાછલા દાયકામાં ભારતની ઉદ્યોગસાહસિક શક્તિના પુનરુત્થાન દ્રષ્ટિએ આજનો દિવસ એક રોમાંચક અનુભવ રહ્યો છે. આપણો દેશ હંમેશા નવીનતા, ટેકનોલોજી, વિજ્ઞાન અને ઉદ્યોગસાહસિકતાનું ઘર રહ્યો છે. હજારો વર્ષોથી, ભારત માનવજાતની પ્રગતિમાં યોગદાન આપ્યું છે. પાછલા એક દાયકામાં, ભારત ટેકનોલોજીના ઉપભોક્તામાંથી ટેકનોલોજીના સર્જક બનવા તરફ આગળ વધ્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, આજે ભારત વિશ્વની ૪થી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને બજાર તરીકે ઉભર્યું છે. ૨૦૧૪ માં માત્ર થોડા સ્ટાર્ટઅપ્સ ધરાવતા દેશમાંથી, ભારત હવે ૨,૦૦,૦૦૦ થી વધુ સ્ટાર્ટઅપ્સ સુધી પહોંચી ગયું છે અને આ માનનીય પ્રધાનમંત્રીના બહુવિધ ત્વરિત અભિગમોને કારણે થયું છે." તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, "ટેકનોલોજીનું પરીક્ષણ કરવા માટેના વોલ્યુમને કારણે ટેલિકોમ ક્ષેત્ર ભારત ટેકનોલોજીના સર્જક બનવાનું સૌથી મોટું ઉદાહરણ છે. આ સંદર્ભમાં, કોક્લેવમાં ડેટિંગ ટેલિકોમ્યુનિકેશન સર્વિસિસ અને રેગ્યુલેટરી સેન્ડબોક્સ પર સમર્પિત સત્રો યોજાયા હતા, જેમાં ૬ પ્રતિનિધિઓએ સહભાગીઓને સંબંધિત નિયમનકારી માળખા અને તેમની જોગવાઈઓની જાણકારી આપી હતી. એરિક્સને બંને વિષયો પર વૈશ્વિક દૃષ્ટિકોણ અને ઉદ્યોગના અનુભવો શેર કર્યા હતા. આ સત્રોએ આ માળખાઓમાંથી ઉદ્ભવતી સંભવિત એપ્લિકેશન્સ, અમલીકરણની જરૂરિયાતો અને તકો પર મંતવ્યોનું આદાન-પ્રદાન કરવા માટે વપરાશકર્તા એજન્સીઓ, ઉદ્યોગના પ્રતિનિધિઓ, સ્ટાર્ટઅપ્સ અને અન્ય હિતધારકો વચ્ચે સંવાદ માટે એક પ્લેટફોર્મ પણ પૂરું પાડ્યું હતું. આ કોક્લેવ વિકસિત ભારત@2047 ના વિઝન સાથે સુસંગત રહીને, સ્ટાર્ટઅપ્સ, MSME, શિક્ષણવિદો, રોકાણકારો અને ઉદ્યોગ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા, સ્વદેશી ટેકનોલોજીકલ્ક્ષમતાઓને મજબૂત બનાવવા અને નવીનતા તથા ઉદ્યોગસાહસિકતા માટે સક્ષમ વાતાવરણ ઊભું કરવાની DoT ની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

એજ્યુકેશન ૬.૦ કોમ્પિટન્સી રેંકિંગ્સ ૨૦૨૬માં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીને ભારતની ટોચની ૧૦૦ સંસ્થાઓમાં સ્થાન

શૈક્ષણિક શ્રેષ્ઠતા અને ભવિષ્યલક્ષી શિક્ષણ ક્ષેત્રે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાને રાષ્ટ્રીય સ્તરે સન્માન

કમલમ્,વિસનગર

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી (SPU), વિસનગર માટે ગૌરવ અને પ્રતિષ્ઠાની વધુ એક સિદ્ધિ ઉમેરાઈ છે. ક્રોનિકલ્સ ઓફ રેંકિંગ્સ (Chronicles of Rankings) દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રતિષ્ઠિત એજ્યુકેશન ૬.૦ કોમ્પિટન્સી રેંકિંગ્સ ૨૦૨૬માં યુનિવર્સિટીએ સમગ્ર ભારતમાં ૮૭મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સાથે યુનિવર્સિટીએ દેશની ટોચની ૧૦૦ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્થાન મેળવી પોતાની શૈક્ષણિક ગુણવત્તા અને પ્રગતિશીલ અભિગમની રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર ઓળખ સ્થાપિત કરી છે. આ સિદ્ધિ યુનિવર્સિટીની ગુણવત્તાયુક્ત શિક્ષણ, શૈક્ષણિક નવીનતા, સંશોધન, ટેકનોલોજી અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પ્રત્યેની સતત પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. ઝડપથી બદલાતા વૈશ્વિક શૈક્ષણિક પરિદૃશ્યમાં વિદ્યાર્થીઓને જ્ઞાનની સાથે વ્યવહારુ કૌશલ્યો અને ભવિષ્યલક્ષી ક્ષમતાઓથી સજ્જ બનાવવાના યુનિવર્સિટીના પ્રયાસોને આ માન્યતાથી વધુ પ્રોત્સાહન મળ્યું છે. એજ્યુકેશન ૬.૦ કોમ્પિટન્સી રેંકિંગ્સમાં અભ્યાસક્રમમાં નવીનતા, રોજગારલક્ષી કૌશલ્ય વિકાસ, ડિજિટલ પરિવર્તન અને માનવકેન્દ્રિત શૈક્ષણિક પરિણામો જેવા મહત્વપૂર્ણ પાસાઓનેધ્યાનમાં લેવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ની આ વિશેષ આવૃત્તિમાં દેશની માત્ર ૧૦૦ પસંદગીની સંસ્થાઓને સ્થાન આપવામાં આવ્યું છે, જે ઉચ્ચ શિક્ષણક્ષેત્રેનવીનતાઅનેપરિવર્તનના માપદંડો સ્થાપિત કરી રહી છે. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રાધાન્ય આપવાની સાથે ટેકનોલોજી આધારિત અભ્યાસ, કૌશલ્ય વિકાસ, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક જ્ઞાનની સાથે ઉદ્યોગજગતની જરૂરિયાતોને અનુરૂપ કૌશલ્યો અને વ્યવહારુ અનુભવ પ્રાપ્ત થાય તે દિશામાં યુનિવર્સિટી સતત કાર્યરત છે. આ રાષ્ટ્રીય માન્યતા યુનિવર્સિટીના આવા પ્રયાસો અને શૈક્ષણિક વિકાસની યાત્રા ને વધુ મજબૂત બનાવે છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ યુનિવર્સિટી મેનેજમેન્ટેસમગ્ર યુનિવર્સિટી પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. આ સફળતા યુનિવર્સિટીના નેતૃત્વ, અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓના સંયુક્ત પ્રયાસો, સમર્પણ અને સતત કાર્યનિષ્ઠાનું પરિણામ હોવાનું જણાવ્યું હતું. સાથે જ તમામ હિતધારકોના સહયોગ અને યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. વિકસિત ભારત @2047 નારાષ્ટ્રીય સંકલ્પને સાકાર કરવામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે માટે સિદ્ધિ થી પ્રેરિત થઈ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી આ ગામી સમયમાં પણ શૈક્ષણિક ગુણવત્તા માં સતત સુધારણા, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન તથા વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે વધુ ઉત્સાહ સાથે કાર્યરત રહેશે. આ માન્યતા યુનિવર્સિટીની રાષ્ટ્રીય ઓળખને વધુ મજબૂતબનાવવાનીસાથેભવિષ્યલક્ષી અનેગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ સર કરવાની દિશામાં પ્રેરણારૂપ બનશે.





બાલારામ ઉજાણી ગૃહ ખાતે વન અને પર્યાવરણ મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં 'બનાસ ગીત'નો ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો

નદી, પર્વત, રણ અને સંસ્કૃતિના સંગમ સમાન બનાસકાંઠાની યશગાથાઃ દેવ દિવાળીના પાવન અવસરે 'બનાસ ગીત'નું અર્પણ કરાયું




બનાસકાંઠાના ગૌરવમાં વધારો કરતું 'બનાસ ગીત' લોકાર્પિતઃ જિલ્લાની દીકરી આદ્યા ત્રિવેદીના દિગ્દર્શનમાં નિર્માણ પામ્યું છે આ અનોખું ગીત

કમલમ્,પાલનપુર

બનાસકાંઠાના નાગરિકોને ગૌરવ થાય તેવા આ અનોખા 'બનાસ ગીત'નો અર્પણ સમારોહ દેવ દિવાળીના પાવન અવસરેબાલારામ ઉજાણી ગૃહ ખાતે રાજ્ય સરકારના વન અને પર્યાવરણ મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. બનાસકાંઠાની અસ્મિતા, સાંસ્કૃતિક વારસો, નદી, પર્વતો, જંગલો, સભ્યતા, લોકોની ઓગી ભાલી, જૈવ વિવિધતા, અનોખી ખેતી પદ્ધતિ, સુપ્રસિદ્ધ મંદિરો અને વેપાર સહિતની અનેકબાબતોને ગૌરવ અપાવતા આ ગીતના લોકાર્પણ પ્રસંગે જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, કલાકારો, વરિષ્ઠ નેતાગણ અને મીડિયા કર્મીઓની બહોળી ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. આ જિલ્લા ગીતનો લોકાર્પણ કાર્યક્રમ અત્યંત નોખી રીતે યોજવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લાની બે અગ્રણી સાંસ્કૃતિક સંસ્થાઓ 'ઉદ્ભવ પરિવાર, પાલનપુર' અને 'બનાસ મિત્રમંડળ, ડીસા' દ્વારા આયોજિત આ સમારોહમાં બનાસકાંઠાની સંસ્કૃતિની ભવ્ય ઝાંખી રજૂકરવામાં આવી હતી, જેમાં વીસેકલોકકલાકારોના કાફલા દ્વારા નૃત્ય પ્રસ્તુતિ સાથે સમગ્ર 'બનાસ ગીત'ને લોન્ચ કરવામાં આવ્યું હતું. આ ગીત બનાવવાના વિચાર અંગેમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા ગુજરાતના એવા જૂજ જિલ્લાઓ પૈકીનો એક છે, જેની પાસે વિપુલ પ્રમાણમાં કુદરતી, સામાજિક અને સાંસ્કૃતિક વૈવિધ્ય છે. અહીં સાચા અર્થમાં 'ખાત-ભાત કે લોગ' વસે છે. અહીં નદીઓ, પર્વતો, જંગલો, રણ, વિશાળ ખેતી, વિશ્વપ્રસિદ્ધ ધાર્મિક સ્થળો અને એશિયાની સૌથી મોટી ડેરી આવેલી છે. જિલ્લાનો અનહદ વિકાસ થયો હોવા છતાં ક્યારેય બનાસકાંઠાની વાત મોટા ફલક પર મુદ્દાસર રજૂ થઈ નહોતી. ગીત એક એવું સશક્ત માધ્યમ છે જેના થકી 'બ્રાન્ડ બનાસકાંઠા'ની વાત દુનિયા સમક્ષ મૂકી શકાય. આજે જે રીતે લોકેએ આ ગીતને વધાવ્યું છે, તેનાથી સમગ્ર ટીમનો ઉત્સાહ વધ્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, મને ખાતરી છે કે આ ગીત જોઈને રાજ્યના અન્ય જિલ્લાઓને પણ પોતાના જિલ્લાની વાત ગર્વભેર રજૂ કરવાની પ્રેરણા મળશે. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણી નાગરિકોએ એકસૂરે જણાવ્યું હતું કે, સામાન્યપણે રાજનેતાઓ આ પ્રકારના સાંસ્કૃતિક પ્રદાનમાં બહુ ઓછો રસ દાખવતા હોય છે, પરંતુ બનાસકાંઠા આ બાબતમાં સદ્નસીબ છે. આ ગીતથી બનાસકાંઠાના ગૌરવમાં વધારો થશે અને સમગ્ર ગુજરાત સહિત દેશ-વિદેશના લોકોને જિલ્લાના સાચો પરિચય મળશે.

બનાસકાંઠાની દીકરીના દિગ્દર્શનમાં નિર્માણ પામ્યું ગીતઃ

થોડા મહિના પહેલાં પોતાના વતન બનાસકાંઠા માટે કંઈકને કંઈનોખું કાર્ય કરવાના વિચાર સાથે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ મૂળ પાલનપુરના વતની અનેહાલ મુંબઈ સ્થિત યુવા ફિલ્મ દિગ્દર્શિકા આદ્યા ત્રિવેદી સાથે પંચમશ કરી 'બનાસ ગીત' બનાવવાનું નક્કી કર્યું હતું. બનાસકાંઠાની દીકરી આદ્યા ત્રિવેદીએ સતત સાત દિવસ સુધી જિલ્લાના વિવિધ સ્થળોએ શૂટિંગ કરીને આ ગીતનું સુંદર દિગ્દર્શન કર્યું છે. આ ગીતના ગીતકાર પરબતકુમાર નાયી છે, જ્યારે સંગીત મુંબઈ સ્થિત રાહુલ પટેલે આપ્યું છે. ગીતને કંઠ આપનાર ગાયિકા શિરીન મીર પણ બનાસકાંઠાની જ દીકરી છે. તદુપરાંત, પાલનપુરના ધારાસભ્ય અને જાણીતા નાટ્યકાર શ્રી અનિરુદ્ધભાઈ ઠાકરનો પણ આ ગીતના નિર્માણમાં સર્જનાત્મક સહયોગ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું છે.

ગીર ફાઉન્ડેશનની ઈકો એક્ટિવિટીમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS સ્વયંસેવકોની ઉત્સાહભેર સહભાગિતા

ઇન્દ્રોડા નેચર પાર્ક પરિસરમાં સફાઈ અભિયાન અને પ્લાસ્ટિક કલેક્શન કરી પ્રવાસીઓમાં સ્વચ્છતા તથા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો



કમલમ્,ગાંધીનગર

પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને પ્લાસ્ટિક મુક્ત સમાજના નિર્માણના ઉમદા હેતુ સાથે ગીર ફાઉન્ડેશન દ્વારા આયોજિત ઈકો એક્ટિવિટીમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) સેલના ૩૫ સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિ અંતર્ગત ગાંધીનગર સ્થિત ઈન્દ્રોડા નેચર પાર્કના પરિસરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં સ્વયંસેવકોએ શ્રમદાન દ્વારા પાર્ક પરિસરની સફાઈ કરી અંદાજિત મોટી માત્રામાં પ્લાસ્ટિક સહિતના અન્ય કચરાનું એકત્રિકરણ કર્યું હતું. ઈન્દ્રોડા નેચર પાર્ક પ્રકૃતિ, વન્યજીવ અને જૈવવિવિધતાની દૃષ્ટિએ મહત્વપૂર્ણ સ્થળ છે. અહીં માટી સંખ્યામાં પ્રવાસીઓ અને પ્રકૃતિપ્રેમીઓ મુલાકાત લેતા હોય છે. આવા કુદરતી અને શૈક્ષણિક મહત્ત્વ ધરાવતા સ્થળોની સ્વચ્છતા જાળવવી એ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે તેવા હેતુથી NSS સ્વયંસેવકોએ સમગ્ર પરિસરમાં સ્વચ્છતા પ્રવૃત્તિ હાથ ધરી હતી. સ્વયંસેવકોએ માત્ર સફાઈ પૂરતી પ્રવૃત્તિને મર્યાદિત ન રાખતાં પાર્કમાં આવતા પ્રવાસીઓ સાથે સંવાદ સાધી સ્વચ્છતા જાળવવા, પ્લાસ્ટિકનો બિનજરૂરી ઉપયોગ ટાળવા, જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા તથા કચરાનો યોગ્ય નિકાલ કરવા અંગે જાગૃતિ સંદેશ આપ્યો હતો. ખાસ કરીને પ્લાસ્ટિકના કચરાથી પર્યાવરણ અને વન્યજીવોને થતા નુકસાન અંગે લોકોને સમજણ આપી પર્યાવરણ પ્રત્યે જવાબદારી નિભાવવા પ્રેરિત કર્યા હતા. આ સમગ્ર પ્રવૃત્તિમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય અંતર્ગત કાર્યરત AAPCC, BPCBA, BPCCS, SKPIMCS અને LDRP સંસ્થાઓના NSS સ્વયંસેવકોએ સહભાગી બની સામૂહિક જવાબદારી, સેવાભાવના અને ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તમામ સ્વયંસેવકોએ ખૂબ જ ઉત્સાહ, શિસ્ત અને પ્રતિબદ્ધતા સાથે સમગ્ર પ્રવૃત્તિમાં યોગદાન આપ્યું હતું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં માત્ર સ્વચ્છતા અંગેની જાગૃતિ જ નહીં, પરંતુ પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા, સામાજિક જવાબદારી, શ્રમનું ગૌરવ અને જાહેર સ્થળોની જાળવણી અંગેની નાગરિક ફરજની ભાવના પણ વધુ મજબૂત બની હતી. કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS સેલ દ્વારા યુવાનોમાં સામાજિક સેવા, પર્યાવરણ સંરક્ષણ અને રાષ્ટ્રનિર્માણની ભાવના વિકસે તેવા વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું સતત આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમનુંસમગ્ર સંકલન યુનિવર્સિટીના NSS પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. 'સ્વચ્છ પર્યાવરણ એ માત્ર અભિયાન નથી, પરંતુ આપણી જીવનશૈલી અને સામૂહિક જવાબદારી છે' એ સંદેશ સાથે કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS સ્વયંસેવકોએ પોતાની સેવાભાવના દ્વારા સમાજ સમક્ષ પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ભૂસ્ખલન વ્યવસ્થાપનમાં ભારતનો અભિગમ આપત્તિ પછીની રાહતથી ક્ષમશ: આપત્તિ નિવારણ તરફ આગળ વધી રહ્યો છે: ૭મા વર્લ્ડ લેન્ડસ્લાઈડ ફોરમ ખાતે ડૉ. જિતેન્દ્ર સિંહ

ભારતના ૪.૩ લાખ ચોરસ કિમી વિસ્તારમાં ભૂસ્ખલન સંવેદનશીલતા મેપિંગ પૂર્ણ થયું; લગભગ ૯૧,૦૦૦ ઐતિહાસિક ભૂસ્ખલનોની યાદી તૈયાર કરવામાં આવી



ભૂસ્ખલન પ્રતિરોધકતા મજબૂત કરવા માટે AI-આધારિત આગાહી, જીઓસ્પેશિયલ ટેકનોલોજી, સેટેલાઇટ મોનિટરિંગ અને લાસ્ટ-માઇલ અર્લી વોર્નિંગ: ડો. જિતેન્દ્ર સિંહ

કમલમ્,

વિજ્ઞાન અને ટેકનોલોજી તથા પૃથ્વી વિજ્ઞાન રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને PMO માં રાજ્યમંત્રી ડો. જિતેન્દ્ર સિંહે આજે જણાવ્યું હતું કે ભૂસ્ખલન વ્યવસ્થાપન પ્રત્યે ભારતનો અભિગમ આપત્તિ પછીની રાહતથી ક્રમશઃ નિવારણ, સક્રિયતા અને જોખમ ઘટાડા તરફ આગળ વધી રહ્યો છે, જે દેશની આપત્તિ વ્યવસ્થાપન વ્યૂહરચનામાં એક મોટા પરિવર્તનને ચિહ્નિત કરે છે. અમૃતા વિશ્વ વિદ્યાપીઠમ, ફરીદાબાદ ખાતે ૭મા વર્લ્ડ લેન્ડસ્લાઇડ ફોરમ (WLF7) ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા, મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ભારત આફતો આવે તેની રાહ જોવાથી અને ત્યારબાદ રાહત તંત્રને સક્રિય કરવાથી દૂર જઈને, જોખમોની આગોતરી આગાહી કરવા, પૂર્વ ચેતવણી પ્રણાલીઓને મજબૂત બનાવવા અને જાનમાલ તથા માળખાગત સુવિધાઓને થતા અટકાવી શકાય તેવા નુકસાનને રોકવા તરફ આગળ વધી રહ્યું છે. ૨૨ થી ૨૭ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલું ૭મું વર્લ્ડ લેન્ડસ્લાઇડ ફોરમ, ઇન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઓન લેન્ડસ્લાઇડ્સ (ICL) અને ઇન્ટરનેશનલ પ્રોગ્રામ ઓન લેન્ડસ્લાઇડ્સ (IPL) ના સહયોગથી અમૃતા વિશ્વ વિદ્યાપીઠમ દ્વારા ભારતમાં પ્રથમ વખત યોજાઈ રહ્યું છે. ઉદ્ઘાટન સત્રમાં ૭૫ થી વધુ દેશોના આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો, વૈજ્ઞાનિકો અને નીતિનિર્માતાઓ એકત્ર થયા હતા. ઉપસ્થિત મહાનુભાવોમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સચિવ ડૉ. શ્રીનિવાસ કુમાર તુમ્માલા; અમૃતા વિશ્વ વિદ્યાપીઠમના ચાન્સેલર માતા અમૃતાનંદમયી દેવી; વાઇસ-ચાન્સેલર ડૉ. વિકમ રંગન; પ્રો-વાઇસ-ચાન્સેલર ડૉ. મનીષા વિનોદિની રમેશ; અને અન્ય શૈક્ષણિક અગ્રણીઓ તથા આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ સામેલ હતા. ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે હિમાલય, પશ્ચિમ ઘાટ, ઉત્તર-પૂર્વીય પ્રદેશ અને અન્ય સંવેદનશીલ પર્વતીય વિસ્તારોને આવરી લેતા ભારતનાવૈવિધ્યસભરભૂસ્તરશાસ્ત્રીય અને ભૂમોર્ફોલ પરિદૃશ્યને કારણે ભૂસ્ખલન જોખમ ઘટાડો એ એક નિર્ણાયક રાષ્ટ્રીય પ્રાથમિકતા બની જાય છે. કેરળના વાયનાડ, ઉત્તરાખંડના ચમોલી, સિક્કિમ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાં થયેલી મોટી ભૂસ્ખલન આપત્તિઓને યાદ કરતા, તેમણે આવી આફતોની અસર ઘટાડવા માટે આંતર-શાખાકીય સંશોધન, સતત દેખરેખ અને સંકલિત વૈજ્ઞાનિક પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ ૨૦૧૮ માં રજૂ કરાયેલી નેશનલ જીઓ સ્પેશિયલ પોલિસી અને નેશનલ જીઓસ્પેશિયલ પ્રોગ્રામ સમકક્ષાલીન ટેકનોલોજીનો લાભ લઈને ભારતના જીઓસ્પેશિયલ ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવ્યું છે. વિજ્ઞાને ભૂસ્ખલન ચેતવણી અને પ્રારંભિક શોધ પ્રણાલીઓ, ઓછા ખર્ચના AI-આધારિત અને વીડિયો-આધારિત મોનિટરિંગ ઉકેલો, ભૂસ્તરશાસ્ત્રીય અને ભૂમોર્ફિક તપાસ, સંવેદનશીલતા મેપિંગ અને સંબંધિત સંશોધન પહેલોને ટેકો આપ્યો છે. ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ૨૦૧૪ થી ૨૦૨૬ ના અંત સુધીમાં લગભગ ૯૧,૦૦૦ ઐતિહાસિક ભૂસ્ખલનો અંગેની માહિતી સંકલિત કરી છે. ૨૦૨૪ માં કોલકાતામાં નેશનલ લેન્ડસ્લાઇડ ફોરકાસ્ટિંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી, જ્યારે ૨૦૨૦ માં સ્થાપાયેલ રિજનલ લેન્ડસ્લાઇડ ફોરકાસ્ટિંગ સિસ્ટમ સંવેદનશીલ પ્રદેશોમાં પ્રાયોગિક અને કાર્યકારી પૂર્વાનુમાનને ટેકો આપી રહી છે. નેશનલ લેન્ડસ્લાઇડ ફોરકાસ્ટિંગ સેન્ટર હવે તેની પ્રવૃત્તિઓને ૨૦ જિલ્લાઓ સુધી વિસ્તારી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ મંત્રીની અધ્યક્ષતા હેઠળની ઉચ્ચ-સ્તરીય સમિતિએ તાજેતરમાં ૧૦ હિમાલયી રાજ્યો અને ભૂસ્ખલન-સંવેદનશીલ અન્ય પાંચ રાજ્યો સહિત ૧૫ રાજ્યોને આવરી લેતા નેશનલ લેન્ડસ્લાઇડ મિટિગેશન પ્રોજેક્ટ માટે ?૧,૦૦૦ કરોડની સાથે આપત્તિ શમન અને ક્ષમતા-નિર્માણ કવાયત માટે ?૧,૧૧૫.૬૭ કરોડ મંજૂર કર્યા છે. તેમણે જીઓલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા, નેશનલ સેન્ટર ફોર મીડિયમ રેન્જ વેધર ફોરકાસ્ટિંગ અને વાડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ હિમાલયન જીઓલોજી, દહેરાદૂનને સાંકળતા સંસ્થાકીય સહયોગ અને વૈજ્ઞાનિક ભાગીદારીનો પણ ઉલ્લેખ કર્યો, જે ભૂસ્તરશાસ્ત્રીય તપાસ, જોખમ મૂલ્યાંકન, સંકલિત દેખરેખ, સેટેલાઇટ-આધારિત અવલોકનો અને AI-સક્ષમ ભૂસ્ખલન મેપિંગ તથા આગાહીનેઆગળ ધપાવી રહ્યા છે. ભૂસ્ખલન જોખમ વ્યવસ્થાપનમાં હવામાન વિજ્ઞાનની ભૂમિકા પર પ્રકાશ પાડતા, ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ?૨,૦૦૦ કરોડની પ્રારંભિક ફાળવણી સાથે શરૂ કરાયેલ મિશન મૌસમ ભારતની હવામાન અવલોકન, પૂર્વાનુમાન અને મોડેલિંગ ક્ષમતાઓને મજબૂત બનાવી રહ્યું છે. ૨૦૨૫ માં રજૂ કરાયેલ ભારત હોરકાસ્ટ સિસ્ટમ અંદાજે છ કિલોમીટર સુધીના સ્પેશિયલ રિઝોલ્યુશન પર હવામાનની આગાહી પૂરી પાડે છે, જે આપત્તિ સજ્જતા, વહીવટ અને માળખાગત આયોજન માટે વધુ સ્થાનિક માહિતીને સક્ષમ બનાવે છે. મંત્રીશ્રીએ ભાર મૂક્યો હતો કે માત્ર વરસાદની આગાહીઓ ભૂસ્ખલનની પર્યાપ્ત આગાહી કરી શકતી નથી, કારણ કે વૈજ્ઞાનિક મૂલ્યાંકનમાં ભૂસ્તરશાસ્ત્ર, માટીમાં ભેજ, પોર-વોટર પ્રેશર, ઢોળાવમાં વિકૃતિ અને જમીનની સ્થિરતાને પણ ધ્યાનમાં લેવી આવશ્યક છે. તેમણે વધુ સચોટ, કાર્યક્ષમ અને સ્થળ-વિશિષ્ટ ભૂસ્ખલન પૂર્વ ચેતવણી પ્રણાલીઓ વિકસાવવા માટે ભૂસ્તરશાસ્ત્રીય, જીઓટેકનિકલ, હાઇડ્રોલોજિકલ અને વાસ્તવિક-સમયના જમીની અવલોકનો સાથે હવામાનની આગાહીઓના ગાઢ સંકલન માટે હાકલ કરી હતી. ડૉ. જિતેન્દ્ર સિંહે ભૂસ્ખલન સંશોધન અને પૂર્વ ચેતવણી ટેકનોલોજીમાં અમૃતા વિશ્વ વિદ્યાપીઠમના યોગદાનની પ્રશંસા કરી, ખાસ કરીને ક્રેઝીના મુન્નારમાં તેનાત તેની વાયરલેસ સેન્સર નેટવર્ક-આધારિત ભૂસ્ખલન શોધ પ્રણાલી વિકૃતિ અને જમીનની સ્થિરતાને પણ ધ્યાનમાં લેવી આવશ્યક છે. તેમણે વધુ સચોટ, કાર્યક્ષમ અને સ્થળ-વિશિષ્ટ ભૂસ્ખલન પૂર્વ ચેતવણી પ્રણાલીઓ વિકસાવવા માટે ભૂસ્તરશાસ્ત્રીય, જીઓટેકનિકલ, હાઇડ્રોલોજિકલ અને વાસ્તવિક-સમયના જમીની અવલોકનો સાથે હવામાનની આગાહીઓના ગાઢ સંકલન માટે હાકલ કરી હતી. ડૉ. જિતેન્દ્ર સિંહે ભૂસ્ખલન સંશોધન અને પૂર્વ ચેતવણી ટેકનોલોજીમાં અમૃતા વિશ્વ વિદ્યાપીઠમના યોગદાનની પ્રશંસા કરી, ખાસ કરીને ક્રેઝીના મુન્નારમાં તેનાત તેની વાયરલેસ સેન્સર નેટવર્ક-આધારિત ભૂસ્ખલન શોધ પ્રણાલીની. સતત સ્વદેશી સંશોધન દ્વારા વિકસિત અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા સમર્થિત, આ પ્રણાલી બદલાતી ઢોળાવની પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવા માટે વરસાદ, માટીમાં ભેજ, પોર-વોટર પ્રેશર અને અન્ય ભૂભૌતિક પરિમાણોના વાસ્તવિક-સમયના માપનને જોડે છે. તેમણે સિક્કિમ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સહયોગથી પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સમર્થન અને સહ-ભંડોળ સાથે સિક્કિમમાં તેનાત અદ્યતન ભૂસ્ખલન પૂર્વ ચેતવણી પ્રણાલીનો પણ ઉલ્લેખ કર્યો, જે ક્ષેત્રીય-સ્તરની એપ્લિકેશનમાં રૂપાંતરિત થતા સરકાર-સમર્થિત યુનિવર્સિટી સંશોધનના ઉદાહરણ તરીકે છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આવી પહેલો સીધી સામાજિક સુસંગતતા ધરાવતી ટેકનોલોજી વિકસાવવામાં સ્વદેશી નવીનતા, મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારતના મહત્વને પ્રતિબિંબિત કરે છે. ડૉ. જિતેન્દ્ર સિંહે સંકલિત જીઓસ્પેશિયલ ડેટાબેઝ, સેટેલાઇટ અને સેન્સર-આધારિત દેખરેખ, સંસ્થાકીય સહયોગને મજબૂત બનાવવા અને વૈજ્ઞાનિક પ્રગતિને અ સ ર ક ા ર ક લ ા ર્ટ - માઇલ ચેતવણીઓમાં રૂપાંતરિત કરવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે ભૂસ્ખલન જોખમ ઘટાડાનું ભવિષ્ય આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ, જીઓસ્પેશિયલ વિજ્ઞાન, સેટેલાઇટ અવલોકનો, ગ્રાઉન્ડ સેન્સર્સ અને આંતર-શાખાકીય સંશોધનને વ્યવહારિક અમલીકરણ સાથે જોડવામાં રહેલું છે, જેથી વૈજ્ઞાનિક જ્ઞાનજીવન, માળખાગત સુવિધાઓ અને આજીવિકાનું રક્ષણ કરવા માટે સમયસર સંવેદનશીલ સમુદાયો સુધી પહોંચે. મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી કે ૭મું વર્લ્ડ લેન્ડસ્લાઇડ ફોરમ વૈશ્વિક વૈજ્ઞાનિક સહયોગ, ટેકનોલોજી ટ્રાન્સફર, સંસ્થાકીય ક્ષમતા-નિર્માણ અને અસર-આધારિત પૂર્વ ચેતવણી પ્રણાલીઓના આગળ ધપાવશે, સાથે જ વૈજ્ઞાનિક વિચાર-વિમર્શને વધુ સુરક્ષિત ઢોળાવ, સ્થિતિસ્થાપક માળખાગત સુવિધાઓ અને આપત્તિ-પ્રતિરોધક સમુદાયો માટે વ્યવહારિક માર્ગોમાં રૂપાંતરિત કરશે.

કેન્દ્રીય પર્યાવરણ મંત્રીએ નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફની સ્થાયી સમિતિની ૯૨મી બેઠકની અધ્યક્ષતા કરી



કમલમ્,

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે આજે નવી દિલ્હીમાં નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફની સ્થાયી સમિતિ (SC-NBWL) ની ૯૨મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. નીતિગત અંજદાના ભાગરૂપે, સ્થાયી સમિતિએ 'કનેક્ટિંગ વર્લ્ડ ટ્રસ્ટ્સ, થ્રાઇવિંગ વાઇલ્ડલાઇફ' થીમ હેઠળ ઉજવવામાં આવેલા વન્યજીવ સપ્તાહ ૨૦૨૬ ના અહેવાલ પર વિચારણા કરીહતી. મંત્રીશ્રીએ વન્યજીવ સપ્તાહ ૨૦૨૬ દરમિયાન લેવામાં આવેલી પહેલો પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં બકસામાં વાઘનું પુનઃસ્થાપન, રાજસ્થાનમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ્સને મુક્ત કરવા અને ત્રીજા સ્થળ પર પ્રોજેક્ટ ચિત્તાના વિસ્તરણનો સમાવેશ થાય છે, જે જમીની સ્તરે નક્કર, વિજ્ઞાન-આધારિત સંરક્ષણ પરિણામો પર સરકારના ધ્યાનને પ્રતિબિંબિત કરે છે. વધુમાં, શ્રી યાદવે વન્યજીવ સપ્તાહ દરમિયાન પસંદ કરાયેલા પુરસ્કાર વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા, અને પ્રકાશ પાડ્યો હતો કે ફ્રન્ટલાઈન સ્ટાફ અને સ્થાનિક સમુદાયો ભારતના વન્યજીવ સંરક્ષણ પ્રયાસોની કરોડરજ્જુ છે. ત્યારબાદ મંત્રીશ્રીએ અનુકરણીય વન્યજીવ સંરક્ષણ કાર્ય બદલ તેમનું સન્માન કર્યું હતું:

ફ્રન્ટલાઈનસ્ટાફ – સંરક્ષણ અને શિકાર વિરોધી કામગીરી: સ્વર્ગસ્થ શ્રી બન્નોથ નવીન (તેલંગાણા), શ્રીહુકાઈ એચ. ઝિમો (નાગાલેન્ડ) અને શ્રિરુ વી. કુમારેસન (તમિલનાડુ).

ફ્રન્ટલાઈનસ્ટાફ – વન્યજીવ દેખરેખ અને વિશેષ કૌશલ્યો: શ્રી ઉમેશ ભરત ડલસર્પે (મહારાષ્ટ્ર), શ્રી અશ્વિનસિંહ કિરીટસિંહ જાડેજા (ગુજરાત) અને બહરાઈચ માનવ-વન્યજીવ સંઘર્ષ વ્યવસ્થાપન જૂથ (ઉત્તર પ્રદેશ).

સામુદાયિક સંરક્ષણ પુરસ્કાર: વ્હેલ શાર્ક સંરક્ષણ બદલ શ્રી મહાવીર માછીમાર સહકારી મંડળી લિમિટેડ, માંગરોળ (ગુજરાત), અને પોન્નુરુવી ઈકો-ટૂરિઝમ મેનેજમેન્ટ કમિટી, સિરુમલાઈ હિલ્સ (તમિલનાડુ).

નામેરી ટાઇગર રિઝર્વ, આસામને પણ કન્ઝર્વેશન એશ્યોર્ડ | ટર્ગર સ્ટાન્ડર્ડ્સ (CA>TS) હેઠળ માન્યતા આપવામાં આવી હતી.

SC-NBWL ની ૯૨મી બેઠકની થીમ 'દરિયાઈ સંરક્ષણ' પર આધારિત હતી. સ્વતંત્ર અને દરિયાઈ બંને પ્રકારના વન્યજીવોના સંરક્ષણને મજબૂત બનાવવાની જરૂરિયાતને રેખાંકિત કરતા, વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના વૈજ્ઞાનિકો દ્વારા નીચેના વિષયો પર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા: દરિયાકાંઠાના અને દરિયાઈ સંરક્ષિત વિસ્તારોનું વ્યવસ્થાપન અસરકારકતા મૂલ્યાંકન (MEE); દરિયાઈ કાચબાઓનું અખિલ ભારતીય મૂલ્યાંકન અને દેખરેખ; ભારતમાં ડુગોંગ્સ અને તેમના નિવાસસ્થાનોની પુનઃપ્રાપ્તિના સીમાચિહ્નો (૨૦૧૯–૨૦૨૬); અને, વન્યજીવો પર રેખીય માળખાગત સુવિધાઓની અસરોને ઓછી કરવી. આ પ્રેઝન્ટેશનમાં વન્યજીવોના સંરક્ષણની સ્થિતિ અને સિદ્ધિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, ખાસ કરીને દરિયાઈ સંરક્ષિત વિસ્તારો, દરિયાઈ કાચબા અને ડુગોંગ્સની વ્યવસ્થાપન અસરકારકતા સંબંધિત બાબતો પર. વન્યજીવોપર રેખીય માળખાગત સુવિધાઓની અસર ઘટાડવાના પ્રેઝન્ટેશનમાં વન્યજીવો પર પડતી પરિણામી અસરોના પડકારોને સંબોધવા અને માળખાગત આયોજકો, બિલ્ડરો, પર્યાવરણીય સલાહકારો, વન્યજીવ સંચાલકો, નિયમનકારો, નીતિ નિર્માતાઓ અને વિશ્લેષકો સહિત વિવિધ હિસ્સેદારોને સશક્ત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. દરિયાઈ વન્યજીવ સંરક્ષણની થીમને અનુરૂપ, બેઠક દરમિયાન અનેક પ્રકાશનો બહાર પાડવામાં આવ્યા હતા, જે દરિયાઈ જૈવવિવિધતા સંરક્ષણ સંબંધિત મંત્રાલયની સંરક્ષણ પહેલોને ઉજાગર કરે છે. આમાં સામેલ છે:

દરિયાકાંઠાના અને દરિયાઈ સંરક્ષિત વિસ્તારોનું વ્યવસ્થાપન અસરકારકતા મૂલ્યાંકન (MEE): ૧૦૮ દરિયાકાંઠાના અને દરિયાઈ સંરક્ષિત વિસ્તારોને આવરી લેતા ૨૦૨૪–૨૬ ના મૂલ્યાંકનના તારણો રજૂ કરે છે, જે સાત સંભવિત જોખા મળતા હોટસ્પોટ્સની ઓળખ કરે છે અને ભવિષ્યના સંરક્ષણ હસ્તક્ષેપોને માર્ગદર્શન આપવા માટે ખાસકરીને માછીમારીના જાળમાં ફસાઈ જવાના જોખમો પર પ્રકાશ પાડે છે.

દરિયાઈ કાચબા જ્ઞાન ઉત્પાદનોઃ મરીન ટર્ટલ એક્શન પ્લાન (૨૦૨૧–૨૦૨૬) ના પરિણામોમાં સ્વરૂપે ?ણ પ્રકાશનો—દરિયાઈ કાચબાઓના માર્કિંગનો ટેકનિકલ પ્રોટોકોલ, ભારતીય જળક્ષેત્રમાં દરિયાઈ કાચબાઓનું ટ્રેકિંગ અને ભારતના દરિયાઈ કાચબા—બહાર પાડવામાં આવ્યા હતા, જે દરિયાઈ કાચબાઓની દેખરેખ, સંશોધન અને સંરક્ષણ માટે વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડે છે. ઉપરોક્ત ઉપરાંત, મંત્રીશ્રીએ નાની બિલાડીઓના સંરક્ષણ સંબંધિત એક દસ્તાવેજ – નાની બિલાડીઓ પર ફીલ્ડ મેન્યુઅલ પણ બહાર પાડ્યું હતું. તે ભારતમાં જોવા મળતી નાની બિલાડીઓની નવ પ્રજાતિઓને આવરી લે છે અને પ્રજાતિઓની ઓળખ, ક્ષેત્રીય સર્વેક્ષણો, અને દેખરેખ અંગે વ્યવહારિક માર્ગદર્શન પૂરું પાડે છે. આ મેન્યુઅલ ભારત સરકાર–GEF સ્મોલ ગ્રેટ્સ કન્ઝર્વેશન પ્રોજેક્ટ, હેઠળ વિકસાવવામાં આવ્યું છે, જે UNDP અને ગ્લોબલ ટાઇગર ફોરમના સમર્થનથી અરુણાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન રાજ્યોના સહયોગથી MoEFCC દ્વારા અમલમાં મૂકવામાં આવ્યું છે. સ્થાયી સમિતિએ વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ નીજી ગવાઈઓ હેઠળ વન્યજીવ મંજૂરીની જરૂર હોય તેવા રસ્તાઓ, સંરક્ષણ માળખાગત સુવિધાઓ, પીવાના પાણીનો પુરવઠો અને અન્ય આ વશ્યક વિકાસ કાર્યો જેવી પ્રવૃત્તિઓને સાંકળતી દેશભરની ૧૩૩ દરખાસ્તો પર પણ વિચારણા કરી હતી. આ દરખાસ્તોનું મૂલ્યાંકન તેમની પર્યાવરણીય અસરો, લોકકલ્યાણ અને રાષ્ટ્રીય વિકાસ માટેના મહત્વ, તથા વન્યજીવો અને તેમના નિવાસસ્થાનોનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા અને દરિયાઈ વૃદ્ધિના લક્ષ્યાંકને સુનિશ્ચિત કરવા માટેના શમન પગલાની પર્યાપ્તતાના આધારે કરવામાં આવ્યું હતું.

NHAI અને ભારતીય સેનાએ ગુજરાતમાં NH-754K પર માઇક્રોલાઇટ અને પાવર્ડ હેંગ ગ્લાઇડરનું ઐતિહાસિક લેન્ડિંગ અને રિફ્યુઅલિંગ સફળતાપૂર્વક હાથ ધર્યું



કમલમ્,

નેશનલ હાઇવેઝ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI) એ ભારતીય સેનાના નજીકના સંકલનમાં, ગુજરાતમાં નેશનલ હાઇવે NH-754K પર એરોસ્પેસ હાઇવે લેન્ડિંગ અને રિફ્યુઅલિંગ કામગીરી સફળતાપૂર્વક હાથ ધરી હતી. ભારતીય સેનાના 'વિંગ્સ ઓફ વેલર એન્ડ યુનિટી એક્સપિડિશન' શીર્ષક હેઠળ ચાલી રહેલા રાષ્ટ્રીય ઉડાન અભિયાનના ભાગરૂપે, સેનાની પ્રખ્યાત એરોબેટિક્સ ટીમ 'ટીમ માઉન્ટેન ઈગલ્સ' ના તમામ ચાર સહભાગી વિમાનો—જેમાં બે કિરણ-વિંગ માઇક્રોલાઇટ્સ અને બે કેલેક્સિબલ-વિંગ પાવર્ડ હેંગ ગ્લાઇડર્સનો સમાવેશ થાય છે—તેમણે નિર્ધારિત હાઇવે પટ્ટા પર ચોક્કસ લેન્ડિંગ અને ઝડપી ગ્રાઉન્ડ રિફ્યુઅલિંગ હાથ ધર્યું હતું.

આ સીમાચિહ્નરૂપ કામગીરીએ અવિરત નાગરિક લશ્કરી સમન્વય, ઝીણવટભર્યું આયોજન અને મજબૂત માળખાગત સજ્જતાને ઉજાગર કરી હતી. ભારતીય સેનાના વિમાનચાલકો, રાજ્ય પોલીસ અને સ્થાનિક જિલ્લા વહીવટીતંત્ર સાથે મળીને કામ કરતા, NHAI ની તકનીકી અને ઘટના વ્યવસ્થાપન ટીમોએ સુનિશ્ચિત કર્યું હતું કે NH-754K નો પસંદ કરાયેલ પટ્ટો હળવા વિમાનોની કામગીરી માટેની તમામ સપાટી, ભૌમિતિક અને સલામતી જરૂરિયાતોને પૂર્ણ કરે છે. NHAI ના ક્ષેત્રિય કર્મચારીઓએ કોરિડોર સેનિટાઇઝેશન, અસ્થાયી ટ્રાફિક ડાયવર્ઝન અને કવાયત પૂર્ણ થયા તરત જ સામાન્ય વાહનવ્યવહારની ઝડપી પુનઃસ્થાપનાનું સંચાલન કર્યું હતું, જેનાથી હાઇવેના મુસાફરોને ઓછામાં ઓછી અગવડતા પડે અને આર્મી ગ્રાઉન્ડ સપોર્ટ એકમોએ મોબાઇલ રિફ્યુઅલિંગ અને ટર્નઅરાઉન્ડ પ્રક્રિયાઓ હાથ ધરી હતી. એક્સ-એર 'હનુમાન' અને સવાઝાહ MXP 740 માઇક્રોલાઇટ વિમાનોની સાથે ટેનાગ બાયોનિક્સ અને નુવિસ્ટ્રક્શયર પાવર્ડ હેંગ ગ્લાઇડર્સ ધરાવતા અભિયાન કાફલાના સફળ ટચડાઉને ભારતીય સેનાના પાઇલોટોના અસાધારણ કૌશલ્ય અને ભારતના આધુનિક નેશનલ હાઇવે નેટવર્કના વિશ્વ-સ્તરીય ઇજનેરી ધોરણો બંનેનું દર્શાવ્યા હતા. ગુજરાતના કચ્છ પ્રદેશમાં પ્રાદેશિક કનેક્ટિવિટી અને આર્થિક વૃદ્ધિને વેગ આપવા ઉપરાંત, NH-754K જેવા હાઇવે વિશિષ્ટ ઉડ્ડયન, કટોકટી લોજિસ્ટિક્સ અને રાષ્ટ્રીય સંરક્ષણ કવાયતોને ટેકો આપવામાં રાષ્ટ્રીય માર્ગ માળખાગત સુવિધાઓની બહુમુખી પ્રતિભાને રેખાંકિત કરે છે. આર્મી એડવેન્ચર નોડલ સેન્ટર (AANC) (માઇક્રોલાઇટ અને PHG), મિલિટરી કોલેજ ઓફ ટેલિકમ્યુનિકેશન એન્જિનિયરિંગ (MCTE), મહુ દ્વારા આર્મી એડવેન્ચર વિંગ (AAW), DG IT, IHQ of MoD (Army) ના નેજા હેઠળ આયોજિત, વિંગ્સ ઓફ વેલર એન્ડ યુનિટી એક્સપિડિશન' ૧૪ નવેમ્બર ૨૦૨૬ ના રોજ ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું અને મધ્યપ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનમાંથી પસાર થયા બાદ ૨૨ નવેમ્બર ૨૦૨૬ ના રોજ મહુ ખાતે સમાપ્ત થશે. NHAI સ્થિતિસ્થાપક, બહુ-હેતુક હાઇવે માળખાગત સુવિધાઓના નિર્માણ અને રાષ્ટ્રીય સજ્જતાને મજબૂત બનાવની તથા ભારતના યુવાનોને પ્રેરણા આપતી પહેલોમાં રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે ભાગીદારી કરવા માટે પ્રતિબદ્ધ છે.

ભારતના રાષ્ટ્રપતિ કટક ખાતે બાલી જાત્રા મહોત્સવ ૨૦૨૬માં ઉપસ્થિત રહ્યા

વર્તમાનને આકાર આપવા અને ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માટે ભૂતકાળમાંથી પ્રેરણા લોઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ



કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ, શ્રીમતી દ્રૌપદી મુર્મુ કટક, ઓડિશા ખાતે બાલી જાત્રા મહોત્સવ ૨૦૨૬ માં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બોલતા, રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે બાલી જાત્રા એક અનોખો ઉત્સવ છે જે ઓડિશાના ગૌરવશાળી ઇતિહાસનો જીવતો ટુકડો છે. દરિયાઈ વેપારનો ઇતિહાસ એક પરંપરામાં વિકસિત થયો છે અને આ પરંપરા એક ઉત્સવ બની ગઈ છે. આ ઓડિશાના લોકોની સર્જનાત્મકતા અને ઐતિહાસિક દૃષ્ટિકોણ બંનેને પ્રતિબિંબિત કરે છે. રાષ્ટ્રપતિએ ક્યું કે ઓડિશાના વેપારીઓ વેપાર અને વાણિજ્ય માટે દૂર-દૂરના દેશોમાં મુસાફરી કરતા હતા. વેપાર દ્વારા તેમણે દેશ માટે ઘણી મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી તેમણે નવા દરિયાઈ માર્ગો શોધ્યા અને આંતરરાષ્ટ્રીય સંબંધોને મજબૂત બનાવ્યા. તેઓ સાંસ્કૃતિક આદાન-પ્રદાનનું માધ્યમ પણ હતા.

રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ઓડિશા અને બાલી વચ્ચેના ઐતિહાસિક જોડાણને આધુનિક વ્યાપારી અને સાંસ્કૃતિક સહયોગમાં પરિવર્તિત કરી શકાય છે. તેમને એ જાણીને આનંદ થયો કે આ બાલી જાત્રામાં ઇન્ડોનેશિયાના સાંસ્કૃતિક દળો ભાગ લઈ રહ્યા છે. બાલીમાં બે દિવસ સુધી ઓડિશા મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે, જેમાં ઓડિશાના નૃત્ય અને સંગીત, હેન્ડલૂમ્સ, હસ્તકલા અને પરંપરાગત વાનગીઓ રજૂ કરવામાં આવી રહી છે. તેમણેવિશ્વાસ વ્યક્ત કર્યો કે આવા સાંસ્કૃતિક આદાન-પ્રદાનથી ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચેના ઐતિહાસિક સંબંધો મજબૂત થશે. રાષ્ટ્રપતિએ ક્યું કે ભૂતકાળના ગૌરવ પર અભિમાન કરવું અને આપણા તહેવારોની ઉજવણી કરવી એ સારી બાબત છે. પરંતુ આપણે વર્તમાનને આકાર આપવા અને ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માટે ભૂતકાળમાંથી પ્રેરણા લેવી જોઈએ.

ખાસ કરીને આપણી યુવા પેઢીએ આપણા વેપારીઓની હિંમત અને ક્ષમતામાંથી ઘણું શીખવાનું છે. રાષ્ટ્રપતિએ ક્યું કે વિકસિત ભારતનું નિર્માણ એ આપણું રાષ્ટ્રીય લક્ષ્ય છે. આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું કદ વધ્યું છે. જ્યારે વિશ્વના ઘણા ભાગોમાં અશાંતિ છે અને વૈશ્વિક અર્થવ્યવસ્થામાં અસ્થિરતા છે, ત્યારે ભારતની અર્થવ્યવસ્થા મજબૂત બની રહી છે. વિકસિત ભારત બનવાની આપણી સફરનું એક આશાસ્પદ સૂચક છે. રાષ્ટ્રપતિને એ જાણીને આનંદ થયો કે ઓડિશા એક ઔદ્યોગિકહબ તરીકે ઉભરી રહ્યું છે અને મોટી સંખ્યામાં રોકાણકારોને આકર્ષી રહ્યું છે. ઓડિશામાં ઉદ્યોગસાહસિકો, કારીગરો, વણકરો અને યુવા પેઢી પોતાના કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતાની ભાવના દ્વારા રાજ્યની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી રહ્યા છે. તેમનું વધતું યોગદાન વિકસિત ઓડિશાના વિઝનને સાકાર કરવા તરફની પ્રગતિનો એક પ્રોત્સાહક સંકેત છે.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •